# ગુજરાતના ખેડૂતો માટે વોટ્સએપ એટલે ધંધો કરવાની જગ્યા

**જરા હટકે**



જુવાનિયાઓ મોબાઈલમાં વોટ્સએપનો ઉપયોગ મોટા ભાગે ગામની પંચાત માટે કરે છે. સવારના ગુડ મોર્નિંગના સંદેશના ઢગલા હોય. કોઈમાં ચાનો કપ, ઊગતો સૂર્ય, ગુલાબના ફૂલની તસવીર સાથે સંદેશા હોય. તો કોઈકમાં જયશ્રી કૃષ્ણના સંદેશા અને ફિલસૂફીના સંદેશા હોય. વોટ્સએપના આવા નિરર્થક ઉપયોગને બદલે તેનો રચનાત્મક ઉપયોગ ગુજરાતના ખેડૂતો પાસેથી શિખવો જોઈએ.

રાજકોટના કૃષિ સાહસિક દિનેશ તિલ્વાએ આ સોશિયલ મીડિયા એપને ક્લાસિફાઈડ માર્કેટ પ્લેસમાં રૂપાંતર કરી દીધી છે. અહીંથી ખેડૂતો અનાજ, શાકભાજી, બિયારણ, સિંચાઈના ઉપકરણ અને ટ્રેક્ટર સહિતના માલનું ખરીદ-વેચાણ કરી શકે છે.

તિલ્વા આવી ટચૂકડી જાહેરાતો પોતાના સ્માર્ટફોન પરના સભ્યોને મોકલે છે. આમાંના મોટા ભાગના ખેડૂતો છે. કેટલાક ખાતર, બિયારણ, કૃષિ ઉપકરણના વેપારી છે તો કેટલાક જમીન-મિલકતના દલાલ છે.

તિલ્વાએ આ ટ્રેડિંગ પ્લેટફોર્મ બે વર્ષથી શરૂ કર્યું છે. તેમની સાથે ૧૫૦૦ ખેડૂતો અને વેપારીઓ છે. તિલ્વાએ કહ્યું કે, "આ વેપારી અને ખેડૂતો તેમને જે પોસ્ટ મોક્લે તે વોટ્સએપ મારફતે વધારે સભ્યોને મોક્લું છું. સભ્યો તરફથી એટલી બધી પોસ્ટનો મારો થાય છે કે દરરોજ સવારે એપ ફોર્મેટ કરવી પડે છે. ગુજરાત અને ખાસ કરીને સૌરાષ્ટ્ર અને મધ્ય ભાગના ખેડૂતોને આ સુવિધા ઘણી ઉપયોગી બની છે."

કુવાડવાના એક ખેડૂતે કહ્યું કે, "વોટ્સએપ અમને ઘણું ઉપયોગી થઈ પડ્યું છે. અમારે ગીર બ્રિડની ગાય ખરીદવી હોય તો તે શોધવામાં આખો દિવસ જાય. સારી ગાય મળે નહીં તો તે દિવસ નકામો જાય છે, પણ હવે અમે જે તે પશુની તસવીર જોઈને જ ખરીદવા કે નહીં તે નક્કી કરીએ છીએ. આનાથી સમય, શક્તિ અને નાણાં બચે છે."

હળવદના એક ખેડૂતે કહ્યું કે, "આનાથી અમને બહુ ઉપયોગી માહિતી મળે છે.

અહીંથી અમે ખરીદદાર-વેપારી સાથે સીધો ભાવ-તાલ કરી શકીએ છીએ."

તિલ્વાએ કહ્યું કે મોટા ભાગના ખેડૂતો પાસે હવે એન્ટ્રી લેવલ સ્માર્ટ ફોન છે, જેમાં વોટ્સએપનું ફિચર છે.

જેઓ આ પદ્ધતિમાં સહભાગી થઈ શકતાં નથી તેમને તેમના મિત્રો અને સંબંધીઓ મદદ કરે છે."

તિલ્વાએ તેમના ડેસ્કટોપ કોમ્પ્યુટર પર પણ એપ ઈન્સ્ટોલ કરી છે. એક્લે હાથે તેઓ આ કામ કરે છે અને આ માટે તેઓ કોઈ સર્વિસ ચાર્જ નથી લેતાં.